<u>મહે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સુરતમાં, મુ.સુરત.</u>

ફોજદારી કેસ નં–૭૨૮૩૬/૨૦૨૪

આંકઃ

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ મોહ.ઈમરાન અલી મોહ.મુર્તઝા

<u>ગુનોઃ આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબ.</u>

## –// ચુકાદો //–

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લોકોની જીંદગી જોખમાય તેવી રીતે બેદરકારીપુર્વક ચલાવી લાવી, ગફલતભરી રીતે હંકારી લાવી ગુનો કરતા તે બાબતની ફરીયાદ સલાબતપુરા પો.સ્ટે.માં બી ગુના રજી. નં.૧૧૨૧૦૦૫૫૨૪૦૭૨૯/૨૦૨૪ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજૂ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –ઃ હુકમ ઃ–

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. **કલમ–૨૭૯** મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી આરોપીને રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પૂરા)નો દંડ દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો તેમને દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી પાસેથી દંડ પેટે કુલ્લે રૂ. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા) વસુલ લેવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ સુરત.

તા.૨૨–૦૬–૨૦૨૪

(એન.જી.પરમાર )

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત

(GJ 00869)